Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# Gujarat
# TAT

## Previous Year Paper
### (Gujarati) 27 Jul, 2014

Teachingninja.in

UPDATE KEY FOR "**GUJARATI**" SUB., DATE : 4/8/2014

*This Question Paper contains 24 printed pages.*

Sl.No. 102686

| પ્રશ્નપુસ્તિકાનો કોડ Question Paper Booklet Code |
| --- |
| **A** |

# S/TAT/301(G)/14

**(JULY, 2014)**

*Time : 80 Minutes]* *[Maximum Marks : 100*

સૂચનાઓ :

1) આ કસોટીમાં કુલ **100** પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ગુણ **1** છે.

2) તમામ કસોટીઓ બહુવિકલ્પ પ્રકારની છે. ચાર વિકલ્પોમાંથી એક જ વિકલ્પ સાચો જવાબ છે, જે ધ્યાનપૂર્વક વાંચી જવા અને **OMR Sheet** ઉપર નિયત સ્થળે તમારો ઉત્તર સાચા વિકલ્પની સામેના વર્તુળને ઘટ્ટ [●] કરીને નોંધવા વિનંતી છે.

3) પ્રશ્નપત્રના મથાળે જમણી બાજુ ખાનામાં પ્રશ્નપુસ્તિકાનો કોડ લખવામાં આવ્યો છે. ઉમેદવારોએ આ કોડ **OMR Sheet** ઉપર દર્શાવવામાં આવેલી જગ્યાએ ચીવટપૂર્વક આંકડામાં તેમજ વર્તુળને ઘટ્ટ બનાવીને લખવાનો છે.

4) **OMR Sheet** ઉપર લખવામાં આવેલો પ્રશ્નપુસ્તિકાનો કોડ અને પ્રશ્નપત્ર ઉપર લખેલો કોડ સમાન હોય તેની ખાત્રી કરી લેશો. આમાં વિસંગતતા હોય તો ખંડ નિરીક્ષકને તરત જ જાણ કરી **OMR Sheet** અથવા પ્રશ્નપત્ર અથવા બંને બદલી આપવા માટે જણાવશો જેથી બંને સેટ એક જ કોડના થાય.

5) ઉમેદવારે તેને આપવામાં આવેલા પ્રશ્નપુસ્તિકાનો કોડ હાજરીપત્રકમાં નિયત સ્થળે લખવાનો છે.

6) **OMR Sheet** ઉપર વિગતો લખવા માટે તેમજ જવાબો નોંધવા માટે કાળી/ભૂરી બોલપોઇન્ટ પેનનો જ ઉપયોગ કરશો.

7) **OMR Sheet** ઉપર 'વ્હાઈટ ફ્લૂઈડ' કે કરેક્શન શાહીનો ઉપયોગ કરવાની છૂટ નથી.



Teachingninja.in

1) નીચે જણાવેલ પદ-કાવ્યમાંથી કયું પદ-કાવ્ય 'રાગ આશાવરી' માં રચાયેલ છે ?

(A) ઝઘડો-લોચન મનનો (B) જૂનું પિયરઘર

(C) મન નો ડગે (D) ભક્તિ પદારથ

2) કવિ શામળની પદ્યવાર્તાઓનાં નામ નીચે જણાવ્યાં છે - તે પૈકી કઈ પદ્યવાર્તા તેમની નથી ?

(A) સિંહાસન-બત્રીસી (B) સૂડો બહોતરી

(C) પ્રબોધ બાવની (D) નંદ બત્રીસી

3) કવિ દયારામ નીચે જણાવેલ પૈકી કયા ઉપનામથી પણ પ્રસિધ્ધ હતા ?

(A) દયાસખી (B) દયાભાઈ

(C) દયાદાસ (D) દયામિત્ર

4) 'મન નો ડગે' પદમાં ''જેને આઠ પો'ર આનંદ રે,'' પંક્તિમાં કવયિત્રીએ હરિજનનું કયું લક્ષણ વર્ણવ્યું છે ?

(A) હરિજન સજ્જનોના સંગમાં રહે છે.

(B) હરિજન નિત્ય પોતાની મસ્તીમાં રહે છે.

(C) હરિજન સુખમાં છકી જતા નથી.

(D) હરિજન ગુરુના વચનમાં વિશ્વાસ રાખે છે.

5) ધીરા ભગતે પોતાના પદોમાં મુખ્યત્વે કઈ બાબત વ્યક્ત કરી છે ?

(A) પરમતત્ત્વનું મહત્ત્વ

(B) સત્સંગનો મહિમા

(C) સંસારની તથા કાયાની નિરર્થકતા

(D) ભક્તિનો મહિમા



Teachingninja.in

6) સહદેવને દ્યૂત રમવાના આમંત્રણની ખબર ન આપવાનું નીચે પૈકી કયું કારણ હોઈ શકે ?

(A) સહદેવને ત્રિકાળનું જ્ઞાન હતું.
(B) સહદેવને શિશુ સમાન ગણવામાં આવ્યો.
(C) સહદેવને દ્યૂત રમતાં આવડતું નહોતું.
(D) સહદેવને દ્યૂતના પરિણામની ખબર હતી.

7) નીચે જણાવેલ કવિઓ પૈકી કયા કવિ 'ખંડકાવ્ય' સ્વરૂપના જનક તરીકે પ્રસિધ્ધિ પામ્યા છે ?

(A) ધીરા પ્રતાપ બારોટ
(B) બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
(C) ઉમાશંકર જેઠાલાલ જોશી
(D) મણિશંકર રત્નજી ભટ્ટ

8) નીચે જણાવેલ કવિઓ પૈકી કયા કવિનું ઉપનામ 'કલાપી' છે ?

(A) સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ
(B) ત્રિભુવનદાસ પુરૂષોત્તમદાસ લુહાર
(C) ઉમાશંકર જેઠાલાલ જોશી
(D) બાલમુકુન્દ મણિશંકર દવે

9) નીચે જણાવેલ સાહિત્યકારો-કવિ-પૈકી કયા કવિનો સમાવેશ ભક્ત કવિમાં થતો નથી ?

(A) નરસિંહ મહેતા
(B) પ્રેમાનંદ
(C) શામળ
(D) દયારામ

10) નીચે જણાવેલ કાવ્યપંક્તિઓ પૈકી કઈ પંક્તિ એવું સૂચિત કરે છે કે, કવિ ખિજાયા છે.

(A) છેલ્લે પૂછ્યું રુધિરઝર આ પાણીપોચા હૈયાને
(B) ''તું ન માલેક મારો, હું તારામાં વસું અવર કાજે.''
(C) બીજાં કાજે વસતું મુજમાં ? તો મદર્થે બીજામાં
(D) ત્યાં પૃથ્વીનાં સ્વજન તણું તો નામ લેવું પછી કાં ?



Teachingninja.in

11) નીચે જણાવેલ કવિતાઓ પૈકી કઈ કવિતા અથવા કયું કાવ્ય માતાનો મહિમા દર્શાવતું કાવ્ય નથી ?

(A) જનની (B) જૂનું પિયરઘર

(C) જ્યોતિધામ (D) તીર્થોત્તમ

12) ધો. 10 ના પાઠ્યપુસ્તકમાં સમાવવામાં આવેલ કેટલીક કૃતિઓ પૈકી નીચેનામાંથી કઈ કૃતિ વાર્તા પ્રકારની નથી ?

(A) ચક્ષુ:શ્રવા (B) છકડો

(C) સોનાનાં વૃક્ષો (D) જક્ષણી

13) નીચે આપેલ ગદ્યાંશો પૈકી કયું ગદ્યાંશ લેખકની સુક્ષ્મ નિરીક્ષણ શક્તિનું સૂચન કરે છે ?

(A) એમણે ઓઢેલા ઉપવસ્ત્રની સલવટો નીચે સંતાયેલા એમના હાથ રાત્રિના અંધકારમાં ક્યારેક ખૂલતા નહીં હોય ?

(B) ભગવાન બુધ્ધની અર્ધનિમીલીત આંખોમાંથી ભાષામાં અનુવાદ ન કરી શકાય એવું સ્મિત ઝરી રહ્યું છે.

(C) સાંજનો કૂણો તડકો મંદિરના શિખર પરની ધજા સાથે ફરફરી રહ્યો છે.

(D) બે કબૂતર મંદિરના શિખર પર કોતરાયેલા ફૂલની પાંખડીઓ પર બેઠાં બેઠાં પાંખોને ફેલાવી-સંકોરી રહ્યાં છે.

14) 'જક્ષણી' પાઠમાં આવતાં શબ્દો પૈકી-નીચે જણાવેલ શબ્દોમાંથી કયો શબ્દ 'સ્ત્રી' માટે વપરાયો નથી ?

(A) સૌભાગ્યવતી (B) પ્રોષિતભર્તૃકા

(C) કુમારિકા (D) પ્રોષિતપત્નીક

15) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના બાળપણનાં ત્રણ ગાઢ મિત્રો હતા - નીચે જણાવેલ નામોમાંથી કયું નામ તેમના મિત્રનું નથી ?

(A) રામાનંદ સ્વામી (B) દયાનંદ સ્વામી

(C) અરવિંદન્ (D) શિવપ્રકાશન્



Teachingninja.in

16) ધો. 10 ના પાઠ્યપુસ્તકમાં નીચે જણાવેલ સાહિત્યકારો પૈકી કયા સાહિત્યકારની કોઈ કૃતિ સમાવવામાં આવી નથી ?

(A) લાભશંકર ઠાકર (B) બોટાદકર

(C) કાકા કાલેલકર (D) અમૃતલાલ વેગડ

17) લેખક શ્રી કાકા કાલેલકરને આક્કાની નીચે જણાવેલ બાબતો પૈકી કઈ બાબત ખૂંચતી હતી ?

(A) આક્કા બે હાથે ચોપડી પકડે તે બાબત.

(B) આક્કા એક હાથે ચોપડી પકડે તે બાબત.

(C) આક્કા જે રીતે ચોપડી પકડે તે બાબત.

(D) આક્કા જે રીતે ચોપડી વાંચે તે બાબત.

18) ''જે સંબંધ સહેલાઈથી વ્યાપક થઈ શકે, આખી સ્ત્રીજાતિનો અંતર્ભાવ કરી શકે એવો સંબંધ કયો ?'' ''આક્કા'' પાઠને આધારે નીચે જણાવેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ભાઈબહેનનો (B) મા-બાપનો

(C) ભાઈભાઈનો (D) પતિ-પત્નીનો

19) 'વૃક્ષ' એકાંકીમાં મનુષ્યની સ્વાર્થવૃત્તિનું આલેખન કરવામાં આવ્યું છે. નીચે જણાવેલ 'વૃક્ષ' એકાંકીના પાત્રોમાંથી તમને કોનામાં સૌથી વધુ સ્વાર્થવૃત્તિ જોવા મળે છે તે 'વૃક્ષ' એકાંકીને આધારે જણાવો.

(A) ચકુમાં (B) દાદાજીમાં

(C) ઈન્દિરામાં (D) ઈન્દિરા અને દાદાજીમાં

20) 'ઘનશ્યામ' ઉપનામ નીચે જણાવેલ પૈકી કયા સાહિત્યકારનું છે ? જણાવો.

(A) લાભશંકર જાદવજી ઠાકર

(B) કનૈયાલાલ માણેકલાલ મુનશી

(C) પુરરાજ પુનમભાઈ જોષી

(D) જ્યોતીન્દ્ર હરિશંકર દવે

S/



Teachingninja.in

21) જયંતીલાલ રતિલાલ ગોહેલ-જે છકડો પાઠના લેખક છે તેમનું ઉપનામ કયું છે ?

(A) ગુપ્ત (B) સારસ્વત

(C) પુનર્વસુ (D) માય ડિયર જયુ

22) ધો. 10 ના પાઠ્યપુસ્તકમાં એક કૃતિમાં ''પ્રહર'' શબ્દ આવે છે. તો નીચે જણાવેલ અર્થોમાંથી ''પ્રહર'' શબ્દનો સાચો અર્થ કયો ? એટલે કે એક પ્રહર બરાબર કેટલો સમય ?

(A) ત્રણ કલાક (B) ચાર કલાક

(C) છ કલાક (D) બે કલાક

23) ''અહીં કાંઈ પૈસાના ઝાડ છે તો તોડી આપું .... !''
''ને રૂપિયા-પૈસા વિશેનું જ્ઞાન પણ ઘણું મોડું મળેલું.''
''ને પગમાં બૂટ તો મેં કૉલેજમાં અધ્યાપક થયા પછી ઈડરમાં પહેલીવાર ખરીદીને પહેર્યા હતાં !"
ઉપર જણાવેલ વાક્યો લેખકની કેવી પરિસ્થિતિનું સૂચન કરે છે ?

(A) બૌધ્ધિક (B) આર્થિક

(C) સામાજિક (D) માનસિક

24) પાઠ્યપુસ્તકમાં આવતા દુહાને આધારે જણાવો કે સાધુસંતો અને સજ્જનો ગમે તેટલી આપત્તિઓ આવે તો પણ - નીચે જણાવેલ પૈકી કઈ બાબત છોડતા નથી ?

(A) દયા (B) સજ્જનતા

(C) ગંભીરતા (D) સ્થિતપ્રજ્ઞતા

25) નર્મદના મતે સ્ત્રીઓનો સમય નીચેના પૈકી શામાં વીતતો નથી ?

(A) કૂથલી કરવામાં

(B) ફૂટડા દેખાવામાં

(C) પરણમરણ સંબંધી રૂઢિઓમાં સરસાઈ બતાવવામાં

(D) ઊંચી જાતનાં સુખ ભોગવવામાં



Teachingninja.in

26) આપણા જીવનમાં ટાઈમટેબલને અવકાશ નથી, કારણ કે

(A) આપણું જીવન નિશ્ચિત છે.

(B) આપણું જીવન અનિશ્ચિતતા સભર છે.

(C) આપણું જીવન સર્વાંગ સંપૂર્ણ છે.

(D) આપણું જીવન નિયમિત છે.

27) 'ફરફરતું, રવરવતું અને મર્મરતું સોનું' વર્ણન દ્વારા લેખક મણિલાલ પટેલ શાની વાત કરે છે ?

(A) અવાજ સાથે ગતિમાન દેખાતાં પીળાં પાંદડાંની

(B) જંગલમાંથી આવતા અવાજોની

(C) જંગલમાં દેખાતા સોનાની

(D) મહુડાના બહુવિધ ઉપયોગોની

28) 'સંસ્કૃતિ હંમેશાં પ્રકૃતિની ગોદમાં પાંગરી છે' તેની સાક્ષી કોણ પૂરે છે ?

(A) વૃક્ષો અને શાસ્ત્રો (B) માત્ર વૃક્ષો

(C) માત્ર શાસ્ત્રો (D) નદીઓ

29) 'સાંજનો કૂણો તડકો મંદિરના શિખર પરની ધજા સાથે ફરફરી રહ્યો છે' - અલંકાર ઓળખાવો.

(A) રૂપક (B) સજીવારોપણ

(C) ઉપમા (D) ઉત્પ્રેક્ષા

30) અબ્દુલ કલામને અભ્યાસમાં શ્રેષ્ઠત્વ મેળવવા માટે કોણ પ્રોત્સાહિત કરતા ?

(A) જલાલુદ્દીન (B) સમશુદ્દીન

(C) શિવસુબ્રમણ્યા ઐયર (D) લક્ષ્મણન્ શાસ્ત્રી

31) '**रामो लक्ष्मणमब्रवीत्**' સંસ્કૃત પંક્તિમાં '**मब्रवी**' નો જીવરામ ભટ્ટ શો અર્થ સૂચવે છે ?

(A) સીતા (B) ઊર્મિલા

(C) હનુમાનજી (D) કૈકયી

S/



Teachingninja.in

32) નીચે દર્શાવેલ વિધાનોમાંથી કયા વિધાનમાં કાયિક ચેષ્ટા જોવા મળતી નથી ?

(A) મુંજાલે ઝીણી આંખો કરી.

(B) કીર્તિદેવની આંખોમાંથી તેજના તણખા ઝરતા હતા.

(C) ઉબક પરમાર તરવારની ધારથી સંધિ કરાવે છે; સંધિ યાચતા નથી.

(D) તે નજરે, તે સ્વરે મંત્રીના હૃદયમાં ન સમજાય એવા સૂરો પેદા કર્યા.

33) શહેરમાં 'અનાથાશ્રમ' નો રિવાજ છે જ્યારે ગામડામાં બંધુત્વની ભાવના નિરૂપિત થતી હોય શહેરીજીવનની યાંત્રિક સંસ્કૃતિ માણસને ખતમ કરી નાખે તેવી ગુજરાતી સાહિત્યની કૃતિનું નામ જણાવો.

(A) ફળિયું

(B) રાઘવનના સહકાર્યકરો

(C) ગોવિંદનું ખેતર

(D) સ્નેહરશ્મિ ઝીણાભાઈ

34) ગુજરાતી સાહિત્યની એક એવી કૃતિ છે કે જેની શરૂમાં જ 13 વાક્યમાં લગ્ન પ્રસંગની વિધિનું વર્ણન થયું હોય ભૂધર મેરાઈની દીકરી ગવરીની વિદાય ટાણે પોતાની પુત્રી સકીનાની યાદ ગૂંથેલી હોય તે કૃતિનું નામ

(A) શરણાઈના સૂર

(B) ખતુડોશી

(C) શોભા અને સુશિમા

(D) ગોવિંદનું ખેતર

35) ઓફિસમાં કામ સિવાયની જે કંઈ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય, રમત ગમત, નાટક સિનેમા કે સાધારણ ચા-નાસ્તાની ગોઠવણી. તે પાત્રની સરદારી હેઠળ જ થાય. તે પાત્ર

(A) રાઘવન

(B) પ્રા. મહેતા શેઠ

(C) રંગીલદાસ

(D) શાસ્ત્રી

36) ચોમાસાની ઋતુમાં બદલાતી પ્રકૃતિ સૃષ્ટિનું અને આકાશના વાદળોની લીલા તથા ઉષા અને સંધ્યાના અવનવા રંગોના સૌંદર્યનું વર્ણન અને પર્યાવરણ સુરક્ષાનો સંદેશ આપતો લલિત નિબંધ તે

(A) ચોમાસું માણીએ

(B) ઓ વ્રજનારી !

(C) ગોવર્ધનગિરિધારણ

(D) ચિતારો



teachingninja.in
Teachingninja.in

37) અહીં એક લેખકની લેખનશૈલી ચિત્રિત કરવામાં આવી છે. તે શૈલીને આધારે તે લેખકનું નામ દર્શાવો.

લેખનરીતિમાં અલગારીપણું જોઈ શકાય છે ક્યારેક રૂઢ ન હોય તેવા ભાષાપ્રયોગો; ક્યારેક શબ્દની મૂળ અર્થછાયાને અલગ રાખીને પોતાના મનમાં ઉગ્યો હોય તે ભાવ પ્રગટાવી દેવો

(A) જ્યોતીન્દ્ર દવે
(B) મધુસૂદન પારેખ
(C) રસિક ઝવેરી
(D) ધનસુખલાલ મહેતા

38) આ પાઠ્યપુસ્તકમાં એવા પાત્રો છે જેને એવી માન્યતા હતી કે કોઈના ખોટા પૈસા લઈએ કે ખોટી રીતે રાખી મૂકીએ તો બીજે ભવે ગાય થઈને પૈસા વાળવા પડે. એ પાત્રોના નામ તારવો.

(A) કાશીબા - ઈચ્છાબહેન
(B) ખતુડોશી - રહેમાન
(C) ઝીણાભાઈ - રતનજીભાઈ
(D) મંગળકાકા - મણિકાકા

39) અહીં એક કવિતાનો મધ્યવર્તી વિચાર આપવામાં આવે છે તે વાંચી તે આધારે કઈ કૃતિનો એ સાર છે તે જણાવો.

પ્રસ્તુત પદમાં કવિએ વેપારની વાત કરી છે 'રામનામ'નો વેપાર છે કાળ-દુકાળમાં ખૂટે નહિ, રાજા દંડે નહિ, ચોર લૂંટે નહિ તે પ્રકારના વસાણાનો વેપાર છે.

રામનામના વેપારમાં ભક્તિના વહેવારમાં કોઈપણ પ્રકારના ભેદભાવને સ્થાન નથી.

(A) સંતો ! અમે રે વહેવારિયા
(B) ઓ વ્રજનારી !
(C) ગોવિંદો પ્રાણ અમારો રે
(D) ગોવર્ધનગિરિધારણ

40) કવયિત્રી મીરાંબાઈ વૈરાગ્ય રૂપી કામળો શા માટે ઓઢવા તત્પર થાય છે ?

(A) મીરાંબાઈને દ્વારકા નગરીનું આકર્ષણ છે.
(B) કપટી માણસો પાસે પ્રભુ વસતાં નથી.
(C) મીરાંબાઈને સંસાર પ્રત્યે નફરત છે.
(D) રાજકુળમાં દાવપેચ કાવાદાવા છે.



Teachingninja.in

41) 'ઓ વ્રજનારી !' કાવ્યમાં શ્રીકૃષ્ણની કૃપા માટેની વાંસળીની રજૂઆત છે જેને કાવ્યમાં ગોઠવાતી ઘટનાને આડી અવળી રીતે અહીં નીચે દર્શાવેલ છે તેને યોગ્ય ક્રમમાં ગોઠવો.

ઘટનાનો ક્રમ : (1) ટાઢ-તડકા વેઠ્યા
(2) ચોમાસે ચાંચર રહેતી
(3) મેઘઝડી સહેતી
(4) વાઢ વઢાવિયા

(A) 1- 2 -3 - 4 (B) 4 -3 - 2 - 1
(C) 3- 2- 4 - 1 (D) 2 - 4 - 1- 3

42) ''નિમિત્ત માત્ર છે કૃષ્ણનું નામ, છે પોંચે પોંચે હાથોહાથનું કામ'' એ પંક્તિમાં કવિ પ્રેમાનંદ કઈ બાબત જણાવે છે ?

(A) ગોવર્ધન પર્વત ઊંચકવા માટે શ્રીકૃષ્ણના હાથ પોંચા (નાજુક) થઈ પડે.
(B) ગોવર્ધન પર્વત ઊંચકવાના સાહસનો યશ કૃષ્ણને આપવા તત્પર નથી.
(C) માતા યશોદાએ રવૈયાની મદદથી ગોવર્ધનપર્વત ઊંચક્યો હતો.
(D) ગોવાળા લાકડીના ટેકા આપીને ગોવર્ધન પર્વત ઊંચક્યો હતો.

43) 'ટાઈટનિક' ફિલ્મની યાદ તાજી કરે તેવી ગુજરાતી સાહિત્યની અપ્રતીમ રચના કે જેમાં એક વહાણ ડૂબ્યાની વાત રજૂ થઈ છે. ધૂમકેતુ રચિત 'અવિરામયુધ્ધ' વાર્તાની યાદ આપે એવી ઘટનાનું આલેખન થયું હોય અને સ્નેહરશ્મિનું 'નાખુદા' કાવ્યની યાદ આપે તેવી, કચ્છ-અંજારથી મુંબઈ જતાં રસ્તામાં મહુવા નજીક આગબોટ સમુદ્રમાં ડૂબી ગઈ તે કૃતિ

(A) ગોવર્ધનગિરિધારણ (B) હાજી કાસમ, તારી વીજળી રે
(C) વીરની વિદાય (D) આપણા દુ:ખનું કેટલું જોર ?

44) 'સફળયાત્રા' કાવ્યની પંક્તિ ''નેત્રજળે નવાડીશ પ્રભુ રામેશ્વર'' કોણ બોલે છે ?

(A) ખરનો પ્રાણદાતા (B) સોરઠી સંતો
(C) હરિજનો (D) યાત્રાળુ

45) ક્રિયાસૂચક શબ્દ ન વપરાયો હોય તેવી પંક્તિ અલગ તારવો.

(A) વીંધાય છે પુષ્પ અનેક બાગના ! (B) પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની
(C) છે પત્રને પુષ્પની પાંખડીએ (D) જીવો તણી કાય મૂંગી કપાય છે.



Teachingninja.in

46) અહીં એક કાવ્યનો ભાવાર્થ રજૂ કર્યો છે તે વાંચી તે કૃતિનું નામ જણાવો.

ભાવાર્થ : મનુષ્યો અંગ તોડીને પરિશ્રમ કરે છે તેમ છતાં ખાવા પૂરતું અન્ન મળતું નથી ; જ્યારે બીજી બાજુ ભિખારી વિના પરિશ્રમે ભીખ માંગી સમાજને ભારરૂપ બને છે. ભિખારણની કેડમાં બાળક છે તે કવિ સામે હસે છે અને ભાવ પરિવર્તન થાય છે.

(A) અદના આદમીનું ગીત (B) આપણે
(C) અપાઈ મુજથી ગયું (D) આપણા દુઃખનું કેટલું જોર ?

47) 'ઘરચોળાની ફફડતી ભાત', 'બાળપણાની હડસેલાની વાત' અને 'સૂનકારમાં ડૂબી જતી શૈશવની શેરી' એ વર્ણનો કયા કાવ્યના છે ?

(A) શૈશવના સ્મરણો (B) જૂનું પિયરઘર
(C) કન્યા વિદાય (D) વીરની વિદાય

48) ગુજરાતી સાહિત્યની એવી કઈ કૃતિ છે જેમાં સંસારને કઈ રીતે સ્વીકારવો તેનો ઉપદેશ છે જીવનમાં જે કંઈ મુશ્કેલી આવે તેને પ્રેમથી સ્વીકારીને, મનમાં દુઃખ લાવ્યા સિવાય આનંદમાં રહેવાની શીખ મળે છે. સારા-ખરાબની ઝંઝટમાં પડયા સિવાય શાંતિથી સંતોષથી રહેવાની વાત કરે છે. ક્રોધ, કટુ વાણી, વેરને ત્યજીને છળપ્રપંચમાં ન પડતાં પ્રભુના સાનિધ્યમાં રહેવાનો બોધ છે.

(A) ચંદન (B) બોધ
(C) આપણે (D) અદના આદમીનું ગીત

49) કોપે ચડ્યો તરણિ માધવ માસ માંહે ઉપરોક્ત પંક્તિમાં 'માધવ' શબ્દનો શો અર્થ છે ?

(A) ફાગણ (B) ચતુર્ભુજ
(C) વૈશાખ (D) શ્રીકૃષ્ણ

50) જે શૌર્યમાં કોમળતા સમાઈ, તેને જ સાચું પુરૂષત્વ માન્યું ;
દ્રવંત લોખંડનું ખડ્ગ થાય, પાષાણનું ખડ્ગ નથી ઘડાતું.
આ મુક્તક કઈ કૃતિનું છે ?

(A) નાન્દી (B) રાઈનો પર્વત
(C) નિસબત (D) અન્વીક્ષા

51) નીચે દર્શાવેલ રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.
રૂઢિપ્રયોગ : ઝાંટકણી કાઢવી

(A) ગુસ્સે થવું (B) અનુચિત કાર્ય થવું
(C) આબરું જવી (D) સખત શબ્દોમાં ઠપકો આપવો.



Teachingninja.in

52) અહીં ગુજરાતી સાહિત્યની ગીત રચનાનો મધ્યવર્તી વિચાર રજૂ કર્યો છે એ કૃતિનું નામ જણાવો.

કવિએ જીવનને માણવાની અને મહાલવાની વાત જુદી-જુદી પ્રવૃત્તિઓ દ્વારા દર્શાવી છે.

જીવનમાર્ગમાં નવી કેડી શોધવાના પોતે જ પોતાનો રાહબર બનીને દુનિયામાં રોશની પાથરવાના, ફૂલની સુવાસે ઝૂમવાના અને કંટક રૂપી વિઘ્નને દૂર ફેંકી ઘૂમવાના તથા પર્વત - શિખર ચઢવાના-ઉન્નતિ માર્ગે જવાના ભાવો વ્યક્ત થયા છે.

(A) આપણે
(B) અદના આદમીનું ગીત
(C) બોધ
(D) આપણા દુઃખનું કેટલું જોર ?

53) 'વીજળી' આગબોટ કયા ગામની નજીકના સમુદ્રમાં ડૂબી ગઈ ?

(A) મહુવા
(B) ભરૂચ
(C) અંજાર
(D) કચ્છ

54) મહારાષ્ટ્રના સંત એકનાથજીના જીવનને આધારે ગુજરાતી-સાહિત્યની કવિ પૂજાલાલની કઈ જાણીતી રચના ધોરણ-9 ના અભ્યાસક્રમમાં છે ?

(A) સફળયાત્રા
(B) અપાઈ મુજથી ગયું
(C) યાચના
(D) ચિતારો

55) અહીં ગુજરાતી સાહિત્યના એક પાત્રનો પરિચય આપવામાં આવ્યો છે જે વાંચી તે પાત્ર કઈ કૃતિનું છે તે અલગ તારવો.

વહેલી સવારે ઊઠી, નદીએ જઈ સૂર્યોદય સુધી ગાયત્રીના જાપ કરતા સૂમસામ નદી તટે જંગલી પ્રાણી આવી જશે તો મુશ્કેલી ઊભી કરશે એવી ગામ લોકોની ફિકર હસી કાઢતા અને ભગત તરીકે જાણીતા થયેલાં.

(A) બબલભાઈ મહેતા
(B) ઝીણાભાઈ દેસાઈ
(C) રતનજીભાઈ દેસાઈ
(D) મયાશંકરભાઈ મહેતા



Teachingninja.in

56) નીચે દર્શાવેલ લક્ષણો કયા લેખકનાં છે ?

માણસે જાત મહેનતનો રોટલો ખાવો જોઈએ.

હાથ-પગ હલાવીશું તો રોટલો તો મળી જ રહેશે.

હું મારા ખર્ચનો બોજો આપના પર નહીં પડવા દઉં.

ઘરની માલમિલકતમાંથી મારે એક પાઈ પણ લેવી નહિ.

(A) ગાંધીજી
(B) બબલભાઈ મહેતા
(C) મણિલાલ દ્વિવેદી
(D) ઝીણાભાઈ દેસાઈ

57) 'હું આ બહેનને ઓળખતો નથી' – વસંતનું આ વિધાન સરલા પ્રત્યેનો કયો ભાવ સૂચવે છે ?

(A) આવી કાયર સ્ત્રી મારી પ્રેમિકા હોઈ ન શકે.
(B) આવી સ્ત્રીને જ હું ચાહી શકું.
(C) આવી સ્ત્રી સાથેનો મારો સંબંધ આજીવન રહેશે.
(D) સરલા સાથે હવે મારે બહેનનો સંબંધ છે.

58) 'આચાર્ય તાજા ઘરભંગ થયેલા છે.' – 'શોભા અને સુશિમા' પાઠનું આ વિધાન શું સૂચવે છે ?

(A) આચાર્યનું ઘર ધ્વસ્ત થયું છે.
(B) આચાર્ય વિધુર થયા છે.
(C) આચાર્યે ઘરનો ત્યાગ કર્યો છે.
(D) આચાર્યે ઘરમાંથી પરિવારને કાઢી મૂક્યો છે.

59) લેખક સ્નેહરશ્મિના મતે સ્વર્ગમાં શું હોતું નથી ?

(A) હાસ્યના ફુવારા
(B) આનંદની છોળો
(C) સંગીતનો પ્રકાશ
(D) આંસુનું સંગીત

60) રાઘવનનું મુંબઈ આવવાનું સાચું કારણ શું હતું ?

(1) લાખ લાખ દીવાથી ઝળહળતી મુંબઈ નગરીએ તેને મંત્રમુગ્ધ કર્યો હતો.
(2) મુંબઈમાં તેનું નસીબ ખીલવાનું હતું.
(3) અહીં તે પોતાની સાચી ઓળખ દુનિયાને આપવાનો હતો.
(4) ઐયાશીભરી જિંદગી જીવવાની તેને તમન્ના હતી.

(A) માત્ર ક્રમ - 1
(B) માત્ર ક્રમ -2, 3
(C) ક્રમ 1 થી 3
(D) ઉપર્યુક્ત તમામ



Teachingninja.in

61) સન્ધિ શીખવા-શિખવવા માટે નીચેનામાંથી શાનું પાયાનું જ્ઞાન પ્રથમ જરૂરી છે ?

(A) સન્ધિના નિયમો (B) સ્વર-વ્યંજન

(C) પદોની અર્થસભરતા (D) રૂપ-શબ્દ-પદ

62) મિથ્યા + અભિમાની = મિથ્યાભિમાની : નિર્ + અભિમાની = ...............

(A) નિર્ અભિમાની (B) નિરુભિમાની

(C) નિરાભિમાની (D) નિરભિમાની

63) નિયમો પ્રમાણે ચારેય ઉદાહરણો સાચાં લાગે છે છતાં પદોની અર્થ સભરતાની દૃષ્ટિએ કયો વિકલ્પ સાચો ગણાશે ?

(A) સ્વ + અર્થ = સ્વાર્થ (અ+અ=આ)

(B) સ્વા + અર્થ = સ્વાર્થ (આ+અ=આ)

(C) સ્વ + આર્થ = સ્વાર્થ (અ+આ=આ)

(D) સ્વા + આર્થ = સ્વાર્થ (આ+આ = આ)

64) ભાષામાં સમાસનું પ્રયોજન............

(A) શબ્દ વ્યય અટકાવવા માટે છે.

(B) શબ્દ વિસ્તાર લાવવા માટે છે.

(C) શબ્દભંડોળ વધારવા માટે છે.

(D) શબ્દપ્રયોગ કરવા માટે છે.

65) દેશવિદેશના મહાનુભાવો એ વખતે હાજર હતા.
પ્રતિષ્ઠિત માતાપિતાનાં સંતાનો સન્માનિત થવાનાં હતાં. ઉપસ્થિત દંપતીઓ પ્રસન્ન હતાં.
ઉપર્યુક્ત પરિચ્છેદમાં રેખાંકિત પદો કયા સમાસનાં છે ?

(A) બહુવ્રીહિ (B) દ્વન્દ્વ

(C) કર્મધારય (D) મધ્યમપદલોપી



Teachingninja.in

66) નીચેનામાંથી કયા સામસિક પદોનું જૂથ ઉપપદ સમાસનાં ઉદાહરણો છે ?

(A) નર્મદ, અગ્રજ, ગૃહસ્થ, આત્મજા

(B) આબોહવા, શાકભાજી, ચા પાણી, દાળભાત

(C) દહીવડાં, કાચઘર, સિંહાસન, ઘોડાગાડી

(D) વિદ્યાર્થીપ્રિય, સત્યાગ્રહ, શોકાતુર, વનવાસ

67) 1. સુધાએ માલતીને ફૂલ આપ્યું.
2. અશોક જમણા હાથે જમે છે.
3. સુધા ખેતરે ઊભી છે.
ઉપર્યુક્ત વાક્યોમાં જે રેખાંકિત પદો છે તેમાં 'એ' વિભક્તિ પ્રત્યય વપરાયો છે. તે પૈકી કયો વિકલ્પ કર્તા વિભક્તિ દર્શાવે છે ?

(A) માત્ર 1 (B) માત્ર 3

(C) 1 અને 2 (D) 2 અને 3

68) નીચેનામાંથી કયું રેખાંકિત પદ નિપાત દર્શાવે છે ?

(A) રાધા ને સુધા લંગડી રમે છે.

(B) રાધાને લંગડી રમવું છે.

(C) સુધા રાધાને લંગડી રમાડે છે.

(D) સુધા લંગડી રમશે ને ?

69) નીચેના પૈકી કયું વિધાન અનુગ માટે સાચું નથી ?

(A) અનુગો પાંચ છે.

(B) અનુગો પદની સાથે જ લખાય છે.

(C) અનુગો પદથી અલગ લખાય છે.

(D) અનુગના સ્થાને નામયોગી વાપરી શકાય છે.

70) ષષ્ઠી(સંબંધ) વિભક્તિ કયો અર્થ/ભાવ વ્યક્ત કરે છે ?

(A) માત્ર માલિકીનો સંબંધ ભાવ

(B) માત્ર જનીન સંબંધ ભાવ

(C) માલિકી અને જનીન સંબંધ ભાવ

(D) ક્રિયાનો સંબંધ ભાવ



Teachingninja.in

71) 1. હું વડોદરાથી આવું છું.
2. ગીતાથી સફરજન ખવાય છે.
3. મેં સાવરણીથી ઓરડાની સફાઈ કરી.
ઉપર્યુક્ત વાક્યોનાં રેખાંકિત પદો પૈકી કયા ક્રમના વાક્યનું રેખાંકિત પદ અપાદાન વિભક્તિ દર્શાવે છે.

(A) ક્રમ-1
(B) ક્રમ-2
(C) ક્રમ-3
(D) ક્રમ-1, 2, 3

72) ગાંધીજી – દેશનું કામ કરવાની તમન્ના તમે જાણો છો ?

(A) ના
(B) ને
(C) નું
(D) ની

73) નીચેના પૈકી કયું વિધાન ભાષા શુધ્ધિની દષ્ટિએ સાચું છે ?

(A) મારાં મોટાંભાઈ છાપું વાંચતા હતાં.
(B) મારાં મોટાં બહેન છાપું વાંચતાં હતાં.
(C) મારા મોટા બહેન છાપું વાંચતા હતા.
(D) મારા મોટાભાઈ છાપુ વાંચતાં હતાં.

74) નીચેના પૈકી કયા વિધાનો ભાષા શુધ્ધિની દષ્ટિએ સાચાં છે ?

(1) તેમણે શી વાત કરી ?
(2) તેમણે શાં પગલાં લીધાં ?
(3) તેમને શા લાભ થશે ?
(4) તેમણે શું જવાબ આપ્યો ?

(A) તમામ વિધાનો
(B) વિધાન ક્રમ 1, 2 અને 3
(C) વિધાન ક્રમ 2, 3 અને 4
(D) ફક્ત વિધાન ક્રમ 4



Teachingninja.in

75) નીચેના પૈકી કયું જોડકું અર્થ સભરતાની દષ્ટિએ સાચું નથી ?

(1) તમે જ મારા ઘેર આવજો. - અન્ય કોઈ નહિ.
(2) તમે મારા જ ઘેર આવજો. - અન્ય કોઈના ઘેર નહિ.
(3) તમે મારા ઘેર જ આવજો. - મારા સંલગ્ન અન્ય કોઈ સ્થળે નહિ.
(4) તમે મારા ઘેર આવજો જ. - તમારા સિવાય બીજા પણ.

(A) ક્રમ-1

(B) ક્રમ-1 થી 3

(C) તમામ સાચાં છે.

(D) ક્રમ-4

76) કૃદંત વિશે નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) કૃદંત ક્રિયારૂપ સાથે જોડાયેલી બાબત છે.
(2) કૃદંત અવ્યય છે તેથી લિંગ, કાળ, વચનથી પ્રભાવિત થતું નથી.
(3) કૃદંત સંજ્ઞા, ક્રિયાપદ, વિશેષણ રૂપે પણ આવી શકે છે.
(4) કૃદંત મૂળ ધાતુનું હોય કે પ્રેરક ધાતુનું હોય

(A) તમામ વિધાનો સાચાં છે.
(B) વિધાન 1 સાચું છે.
(C) વિધાન 3 સાચું છે.
(D) વિધાન 2, 4 સાચાં છે.

77) વિધ્યર્થ કૃદંત વિશે નીચે આપેલાં જોડકાં પૈકી ..........

(1) તારે નિયમિત વાંચવું. - કર્તવ્યનો અર્થ
(2) હું વાર્તા કહેવાનો છું. - ઈરાદા કે સંકલ્પનો અર્થ
(3) હું જમવા આવ્યો છું. - હેતુનો અર્થ (હેત્વર્થ)
(4) મારાથી નચાવાનું નથી. - ક્રિયા થવાનો અર્થ

(A) તમામ જોડકાં સાચાં છે.
(B) એકપણ જોડકું સાચું નથી.
(C) ફક્ત ક્રમ-1 નું જોડકું સાચું છે.
(D) ફક્ત ક્રમ- 4 નું જોડકું સાચું નથી.



Teachingninja.in

78) પ્રેરક વાક્ય રચના બાબતે નીચે આપેલાં વિધાનો પૈકી .....

(1) ક્રિયા કરવા પ્રેરવાનો અર્થ હોય.
(2) ક્રિયાપદ હંમેશાં કર્મણિમાં જ હોય.
(3) મૂળ કર્તાને પ્રેરક કર્તા બનાવી શકાય.
(4) પ્રેરક અથવા પુનઃપ્રેરક કર્તા ઉમેરી શકાય.

(A) વિધાન 1 સાચું છે.
(B) વિધાન 2 ખોટું છે.
(C) તમામ વિધાનો સાચાં છે.
(D) તમામ વિધાનો ખોટાં છે.

79) નીચે આપેલા જોડકાં પૈકી કયું જોડકું અર્થાલંકારોની બાબતમાં સાચું નથી ?

(1) ઉપમા – સરખામણી
(2) ઉત્પ્રેક્ષા – સંભાવના
(3) રૂપક – એકરૂપતા
(4) વ્યાજસ્તુતિ – વ્યંગ
(5) અનન્વય – અદ્વિતીયતા

(A) તમામ જોડકાં ખોટાં છે.
(B) ક્રમ 1 થી 3 નાં જોડકાં સાચાં છે.
(C) ક્રમ 4 - 5 નાં જોડકાં સાચાં છે.
(D) તમામ જોડકાં સાચાં છે.

80) નીચેના પૈકી કયું વાક્ય છંદ વિશે સાચું નથી ?

(A) છંદ એ કાવ્યનું આંતરિક સ્વરૂપ છે.
(B) છંદ એ કાવ્યનું બાહ્ય સ્વરૂપ છે.
(C) છંદ એટલે કવિતાનું માપ
(D) છંદ એટલે કાવ્યની મસ્તી



Teachingninja.in

81) એક ભાષાશિક્ષકને ધો.8 ના પાઠ્યપુસ્તકની પસંદગી કરવાની જવાબદારી સોંપવામાં આવે તો તે કયાં તત્ત્વો-પાસાંને ધ્યાનમાં રાખી પાઠ્યપુસ્તક પસંદ કરશે ?

(1) અઘરા પાઠ, સરળ પાઠ, વ્યાકરણ પાઠ
(2) વ્યાકરણ પાઠ, અઘરા પાઠ, સરળ પાઠ
(3) સરળ પાઠ, અઘરા પાઠ, વ્યાકરણ પાઠ
(4) અઘરા પાઠ, વ્યાકરણ પાઠ, સરળ પાઠ

(A) માત્ર ક્રમ 1 ને ધ્યાનમાં રાખીને
(B) માત્ર ક્રમ 3 અને 4 ને ધ્યાનમાં રાખીને
(C) માત્ર ક્રમ 3 ને ધ્યાનમાં રાખીને
(D) ઉપર્યુક્તમાંથી એકપણ નહીં.

82) શિક્ષણમાં ભાષાના ઉદ્દેશ્ય નીચે મુજબ હોય છે.

(1) વિદ્યાર્થી ભાષાને મૌખિક રૂપે સમજી શકે.
(2) વિદ્યાર્થી સાચી રીતે ભાષા બોલી શકે.
(3) વિદ્યાર્થી ભાષા લખી શકે.
(4) વિદ્યાર્થી તમામ ભાષા કૌશલ્યો હસ્તગત કરી શકે.

(A) માત્ર ક્રમ 1 અને 2 સાચાં છે.
(B) માત્ર ક્રમ 1, 2, 3 સાચાં છે.
(C) માત્ર ક્રમ 4 સાચો છે.
(D) ઉપર્યુક્ત તમામ સાચાં છે.

83) ઓક્ટોબર 1952 માં માધ્યમિક શિક્ષણ પંચ રચવામાં આવ્યું. એ સમયે આ પંચનું અધ્યક્ષપદ ................ એ શોભાવ્યું હતું.

(A) ડૉ. પુરૂષોત્તમદાસ
(B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(C) ડૉ. લક્ષ્મણસ્વામી મુદલિયાર
(D) આમાંથી કોઈએ પણ નહિ



Teachingninja.in

84) ભાષા શિક્ષક પોતાના વર્ગ શિક્ષણ દરમ્યાન કથન તેમજ સંવાદને સ્થાન આપે છે તો તે વિદ્યાર્થીઓમાં કયા ગુણનો વિકાસ કરશે ?

(A) ધીરજ અને આત્મવિશ્વાસ

(B) વક્તૃત્વ

(C) A અને B બંને

(D) આમાંથી એકપણ નહિ.

85) 18 મી સદીમાં પ્રત્યક્ષ રીત(પદ્ધતિ) દ્વારા ભાષાના શિક્ષણનો પ્રારંભ ક્યાં થયો ?

(A) એશિયામાં

(B) યુરોપમાં

(C) ભારતમાં

(D) દક્ષિણ આફ્રિકામાં

86) છઠ્ઠા ધોરણમાં એક ભાષા શિક્ષકે બાળકોને ચિત્ર બતાવવાનું શરૂ કર્યું તેમજ એના સંબંધી શબ્દો લખવાનું પણ સૂચવ્યું. - અહીં શિક્ષકે કઈ પદ્ધતિનો ઉપયોગ કર્યો ?

(A) સાહચર્ય પદ્ધતિ

(B) અનુકરણ પદ્ધતિ

(C) વાર્તા પદ્ધતિ

(D) ઉપર્યુક્ત તમામ

87) નીચેનામાંથી કયો વિચાર પ્રસિદ્ધ શિક્ષણ શાસ્ત્રી 'ફ્રોબેલ'નો છે ?

(A) લેખન-વાચન બંને સાથે થવું જોઈએ.

(B) પહેલા વાચન પછી લેખન થવું જોઈએ.

(C) પહેલા લેખન પછી વાચન થવું જોઈએ.

(D) ઉપર્યુક્ત પૈકી એકપણ નહિ.



Teachingninja.in

88) 'સુંદર અક્ષરો હાથનું ઘરેણું છે.' - વિધાન કોનું છે ?

(A) જવાહરલાલ નહેરૂ

(B) બાબા આંબેડકર

(C) ગાંધીજી

(D) ગિજુભાઈ બધેકા

89) એક ભાષાશિક્ષકે વિદ્યાર્થીઓને રામાયણ વિશે જાણકારી આપીને ભગવાન રામના આદર્શો સમજાવ્યા. - વિદ્યાર્થીઓમાં કયો ગુણ વિકસશે ?

(A) કલ્પના શક્તિ

(B) નૈતિકતા

(C) સાહિત્ય પ્રેમ

(D) ઉપર્યુક્ત પૈકી એકપણ નહિ.

90) કયા શિક્ષણવિદ્ ભાષા શિક્ષણની સાથે સાથે શાળાકીય વાતાવરણ પ્રત્યે પણ ધ્યાન કેન્દ્રિત કર્યું ?

(A) ગાંધીજીએ

(B) મધર ટેરેસાએ

(C) રાયબર્ને

(D) આમાંથી કોઈએ પણ નહિ.

91) ગુરૂ રવીન્દ્રનાથ ટાગોરે કયો હેતુ સિદ્ધ કરવા શાંતિ નિકેતનની સ્થાપના કરી ?

(A) પ્રકૃતિ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ

(B) પુસ્તક દ્વારા જ્ઞાન પ્રાપ્તિ

(C) શિક્ષક દ્વારા જ્ઞાન પ્રાપ્તિ

(D) શૈક્ષણિક સાધનો દ્વારા જ્ઞાન પ્રાપ્તિ



Teachingninja.in

92) એક ભાષાશિક્ષકે અવલોકન કર્યું કે પોતાની શાળામાં વિદ્યાર્થીઓનો ભાષા વિકાસ યોગ્ય નથી. આ માટે તેમણે ભાષા-પ્રયોગશાળા સ્થાપવાનો નિર્ણય કર્યો. આ તબક્કે તેમના મનમાં ભાષાનાં કયા તત્ત્વો-પાસાં હશે ?

(1) શુદ્ધ ઉચ્ચારણ અને કથનની ગુણવત્તા સુધારવી.
(2) શ્રવણ કૌશલ્યનો વિકાસ કરવો.
(3) શબ્દભંડોળનો વિકાસ કરવો.
(4) લેખન કૌશલ્યનો વિકાસ કરવો.

(A) ક્રમ 1, 2 અને 3
(B) માત્ર ક્રમ 1 અને 2
(C) માત્ર ક્રમ 3 અને 4
(D) ઉપર્યુક્ત તમામ

93) એક ભાષાશિક્ષક ગદ્યશિક્ષણ દરમ્યાન કયા વિશિષ્ટ કૌશલ્યનો ઉપયોગ કરશે ?

(A) પઠન અને ઉચ્ચારણ
(B) શ્રવણ અને લેખન
(C) લેખન અને પઠન
(D) ઉપર્યુક્ત તમામ

94) વર્ગખંડમાં વિદ્યાર્થીઓના વર્તનમાં આવતાં પરિવર્તનોનું મૂલ્યાંકન કરવા બ્લૂમ્સ દ્વારા કયાં ઘટકો દર્શાવાયા છે ?

(A) જ્ઞાનાત્મક
(B) ભાવાત્મક
(C) A અને B બંને
(D) આમાંથી એકપણ નહિ.

95) 'વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓનો આવિર્ભાવ કરવો એ પ્રત્યેક શિક્ષકની ફરજ છે' -આ વિધાન

(A) સ્વામી રામાનંદનું છે.
(B) સ્વામી દયાનંદનું છે.
(C) સ્વામી અરવિંદનું છે.
(D) સ્વામી વિવેકાનંદનું છે.

96) ભાષાશિક્ષકે ધોરણ-8 માં રવિ, દિનેશ, આદિત્ય, ભાસ્કર તેમજ ભાનુ નામના વિદ્યાર્થીઓને ઊભા કર્યા. શિક્ષક વર્ગના વિદ્યાર્થીઓને આના દ્વારા શી જાણકારી આપશે ?

(A) સમાનાર્થી
(B) વિરુદ્ધાર્થી
(C) અનેકાર્થી
(D) પ્રત્યય



Teachingninja.in

97) નીચેનામાંથી કયું વિધાન વિદ્યાર્થીઓના ભાષાવિકાસ માટે યોગ્ય છે ?

(A) પરિવારમાં જ ભાષાવિકાસ શક્ય છે.

(B) પરિવાર અને પર્યાવરણ દ્વારા ભાષાવિકાસ શક્ય છે.

(C) બાળકને ભાષા જન્મજાત પ્રાપ્ત છે.

(D) બાળકમાં આપ મેળે ભાષા વિકસે છે.

98) શિક્ષણ પ્રક્રિયામાં વાચન સર્વશ્રેષ્ઠ છે, કારણ કે

(A) વિદ્યાર્થી પોતાની વાતને પ્રભાવી રીતે રજૂ કરી શકે છે.

(B) વિદ્યાર્થી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે.

(C) વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધે છે, વ્યક્તિત્વ વિકાસ થાય છે.

(D) ઉપર્યુક્ત તમામ

99) વ્યવહારુ-બોલચાલની ભાષાનું જ્ઞાન વિદ્યાર્થીને નીચેના પૈકી શામાં મદદરૂપ છે ?

(A) આદર્શ પ્રત્યયન

(B) સામાજિકતા

(C) વક્તવ્ય

(D) લગભગ બધામાં

100) મેકોલેએ ભાષાશિક્ષણ માટે નીચેનામાંથી કયા તથ્યને સ્વીકાર્યું છે ?

(A) માત્ર બોલચાલની - વ્યવહારુ ભાષાને

(B) બોલતાં પહેલાં વ્યાકરણની જાણકારીને

(C) પ્રથમ ભાષા અને પછી વ્યાકરણ શિખનાર જ વિદ્વાન બની શકે.

(D) આમાંથી એકપણ નહિ.

❄❄❄



Teachingninja.in